પહેલી એપ્રિલથી ૨૦ લાખ જેટલાં ભારે કોમર્શિયલ વાહનોનો ફિટનેસ ટેસ્ટ

એપ્રિલ ૨૦૨૪ સુધીમાં રાજ્યના માર્ગો પર લગભગ ૪૦ લાખ ભારે અને મધ્યમ કોમર્શિયલ વાહનો દોડશે : ફેઈલ થશે તો સ્ક્રેપ કરાશે

અમદાવાદ, તા.૬

પ્રદુષણને ચકાસવા માટે અને રસ્તાઓ પર ભીડભાડ ઓછી કરવાના હેતુથી ૧ એપ્રિલથી ૧૫ વર્ષ જૂના લગભગ ૨૦ લાખ ભારે કોમર્શિયલ વાહનો માટે ફરજિયાત સ્વચાલિત ફિટનેસ ટેસ્ટ કરવામાં આવશે. જો એ બે વખત ટેસ્ટમાં નિષ્ફળ રહેશે તો તેને સ્ક્રેપ કરવામાં આવશે. પીએમ નરેન્દ્ર મોદીએ ઓગસ્ટ ૨૦૨૧માં વાહન સ્ક્રેપ પોલિસીની જાહેરાત કરી હતી. આ સિવાય લગભગ ૫૦૦૦ રાજ્ય સરકારના વાહનો કે જેઓ ૧૫ વર્ષથી જૂના છે, તેઓ ટેસ્ટમાંથી પસાર થયા વિના જ સીધા સ્ક્રેપિંગ એકમોમાં જશે. આવતા વર્ષે જૂનથી ભારે અને મધ્યમ વાહનો સહિત તમામ કોમર્શિયલ વાહનોએ ફિટનેસ ટેસ્ટ આપવો પડશે. જો રાજ્ય ત્યાં સુધીમાં ૧૦૦ ટેસ્ટ સ્ટેશન સ્થાપિત કરે છે તો ઓટોમેટેડ ફિટનેસ ટેસ્ટ એ તમામ વાહનો માટે વધારવામાં આવી શકે છે કે ૧૫ વર્ષનું રજીસ્ટ્રેશન સાયકલ પૂરુ કરી ચૂક્યા હશે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. એપ્રિલ ૨૦૨૪ સુધીમાં રાજ્યના માર્ગો પર લગભગ ૪૦ લાખ ભારે અને મધ્યમ કોમર્શિયલ વાહનો દોડશે. રાજ્યમાં રજીસ્ટર થયેલાં ૨.૫૦ કરોડ વાહનોમાંથી ૨૦૨૧-૨૨ની સામાજિક-આર્થિક સમીક્ષા મુજબ ૧.૧ કરોડ વાહનો ૧૫ વર્ષ જૂના છે. ગુજરાતમાં નોંધાયેલા કુલ વાહનોમાં ખાનગી વાાહનોનો હિસ્સો ૪૩ ટકા છે. નવી નીતિ મુજબ, ભારે પરિવહન વાહનોને કમ્પ્યુટરાઈઝ્ડ ઓટોમેટેડ ટેસ્ટમાંથી પસાર થયા બાદ પ્રમાણિત કરવામાં આવશે અને તેમના રિપોર્ટ કાર્ડ કોઈ પણ માનવ હસ્તક્ષેપ વિના પરિવહન સેવાની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે.

ગુજરાતમાં માત્ર ચાર ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશન છે. જે સુરત, મહેસાણા, ભરુચ અને અમરેલીમાં છે. જો કે, રાજ્ય પાસે મર્યાદિત સંખ્યામાં ટેસ્ટિંગ સ્ટેશન હોવાથી કેન્દ્રએ તેમને તમામ કોમર્શિયલ વાહનો માટે ફરજિયાત ટેસ્ટમાંથી ખાનગી વાહનોની છોડી દેવા માટે જણાવ્યું છે, જે જૂન ૨૦૨૪માં શરુ થશે. જો કે, જો ગુજરાત આવા ઓછામાં ઓછા ૧૦૦ ટેસ્ટિંગ સ્ટેશનો સ્થાપે પછી રાજ્ય ટુ વ્હીલર વાહનો માટે ફિટનેસ ટેસ્ટનો વિસ્તાર પણ કરી શકે છે, એવું પરિવહન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. એક વાર અયોગ્ય વાહનની નોંધણી રદ્દ થઈ જાય પછી માલિકે તેને રાખવાનું અથવા તેને સ્ક્રેપ કરવાનો વિકલ્પ પસંદ કરી શકે છે, પરંતુ તેનો ઉપયોગ રસ્તા પર કરી શકશે નહીં. એક અધિકારીએ જણાવ્યું હતું કે, હાલમાં સર્વિસ સ્ટેશનો ધરાવતા શોરુમ્સ કોમર્શિયલ વાહનોને ફિટનેસ સર્ટિફિકેટ આપે છે, પછી ભલે ને તે ફિટ ન હોય. રાજ્યના પરિવહન વિભાગે ખેડામાં બે અને ભાવનગરમાં એક એમ ત્રણ વાહન સ્ક્રેપિંગ સુવિધાઓને પહેલેથી જ મંજૂરી આપી છે. દરેક સુવિધા દીઠ આશરે રુપિયા ૧૭ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. દરેક એક એકર જમીન પર બનશે. ટ્રાન્સપોર્ટ કમિશનર રાજેશ મંજુએ જણાવ્યું હતું કે, અમે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને સ્ક્રેપિંગ પોલિસી સાથે આગળ વધી રહ્યા છીએ.

પ્રાકૃતિક ખેતી થકી બાગાયતમાં પ્રયોગો કરી વિદેશી ફળોનો પાક લેતા લોદરાના ખેડૂત

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલ લોદરા ગામના વતની કાંતિભાઈ સોમાભાઈ પટેલ આજે રસાયણ મુક્ત બાગાયતી ખેતીમાં નવા આયામો સર કરી રહ્યા છે. તેઓ આ સફળ પ્રયાસ પાછળનું મૂળ કારણ સરકારની વિવિધ યોજનાઓ અને પ્રાકૃતિક ખેતીને આભારી ગણતા જણાવે છે કે, વર્ષોથી પેઢી દર પેઢી તેઓ ખેતીનો વ્યવસાય કરતા આવ્યા છે. લોદરામાં તેઓ પહેલાં એવા ખેડૂત છે જે વર્ષોથી માત્ર બાગાયતી પાકની ખેતી કરે છે. એમ.કોમના અભ્યાસ બાદ તેમણે મૂળ ખેતીનાજ વ્યવસાયને પ્રાધાન્ય આપતા પૈતૃક વ્યવસાયમાં જ આગળ નવા શિખરો સર કરવાનું નક્કી કર્યું. આજે તેઓ સફળતાપૂર્વક બાગાયત ખેતી કરી રહ્યા છે, એટલું જ નહીં બાગાયતમાં નવા નવા પ્રયોગો દ્વારા વિદેશી ધરતી અને વાતાવરણના ફળોની ખેતી વિકસાવા તરફ પણ આગળ વધી રહ્યા છે.

કાંતિભાઈએ એક થી દોઢ વીઘા જમીનમાં ડ્રેગન ફ્રુટ ની ખેતી કરેલ છે. જેમાં સરકાર તરફથી તેમને સહાય પ્રાપ્ત થઈ છે. તેઓ આ વિશે જણાવે છે કે આ ડ્રેગન ફ્રુટની ખેતીમાં માવજત અને ખર્ચાનું પ્રમાણ વધુ છે, પરંતુ જ્યારે ફળ આવવાનું શરૂ થાય છે, ત્યારે લગભગ એક થાંભલે ચડાવેલા ચાર જેટલા છોડમાંથી ઓછામાં ઓછા ૧૫ થી ૨૦ કિલો ફળ મળે છે. આ એક થાંભલા પાછળ નો કુલ ખર્ચ લગભગ ૯૦૦ રૂપિયા થાય છે. એક સારા ડ્રેગન ફ્રુટ ની કિંમત રૂપિયા ૮૦થી ૧૦૦ ગણીએ તો પણ દેખીતો નફો મળી જ રહે છે. આ ખેતીની જાણકારી દોઢ બે વર્ષ પહેલાં તેમના દિકરાને બાગાયત ખાતાની સોશિયલ મીડિયા સાઈટ પરથી મળી હતી. ત્યારબાદ તેમણે બાગાયત ખાતાની રૂબરૂ મુલાકાત લઈ ડ્રેગન ફ્રુટ ની ખેતી તથા સરકાર તરફથી મળતી સહાયની માહિતી લીધી અને ખેતી શરૂ કરી. કાંતિભાઈ વધુમાં જણાવે છે કે તેમને આ સહાય મળવાથી સાહસ કરવાનો ડર ન લાગ્યો કારણ કે બાગાયત અને ખેતીવાડી વિભાગમાંથી મને હંમેશા પ્રોત્સાહન ,સમજ અને સરકારી સહાયની માહિતી મળે છે. સરકારી સહાયની વાત કરવામાં આવેતો પોતાનું ગોડાઉન બનાવવા માટે તેમને સરકાર તરફથી રૂપિયા ૫૦ હજારની રોકડ સહાય સબસિડી રૂપે મળી છે. ત્યારબાદ અંડરગ્રાઉન્ડ હોજ માટે રૂપિયા ૫૦ હજારની, ડ્રીપ માટે રૂપિયા ૯૦ હજાર, ડ્રેગન ફ્રુટની ખેતીના સહાયરૂપે રૂપિયા ૯૦ હજારની સબસીડી મળતા તેઓ આજે આ વિદેશી ફળોની ખેતીનું પણ સાહસ કરી રહ્યા છે.

ખેડૂતો પર ફરી એકવાર મુસીબતનું માવઠું ત્રાટકશે

અંબાલાલ પટેલે કરી મોટી આગાહી : તારીખ ૨૨-૨૬ ફેબ્રુઆરી દરમિયાન માવઠાની શક્યતા

અમદાવાદ, તા.૬

આ વર્ષે ઠંડીએ ગુજરાતીઓના ભુક્કા બોલાવી દીધા. વર્ષો બાદ ગુજરાતીઓએ આવી કાતિલ ઠંડી અનુભવી છે. ત્યારે માંડ હવે ઠંડીથી રાહત મળી છે. ગુજરાતમાં જાન્યુઆરી મહિનાના અંતમાં માવઠુ પડ્યુ હતું, ત્યારે ગુજરાતમાં ફરી માવઠાની હવામાન નિષ્ણાંત અંબાલાલની આગાહી કરાઈ છે. ૨૨થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં માવઠાની આગાહી કરાઈ છે. આ દિવસોમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ ગુજરાતમાં હળવા વરસાદની શક્યતા છે.

ગુજરાતમાં ફરી માવઠાની હવામાન નિષ્ણાંત અંબાલાલની આગાહી કરી છે. ૨૨ થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં માવઠું પડશે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ ગુજરાતમાં હળવા વરસાદની શક્યતા છે. ત્યારે આ માવઠું ફરી એકવાર ખેડૂતો માટે મુસીબતોનું માવઠું બની રહેશે. જાન્યુઆરી મહિનાના અંતમાં આવેલા માવઠાએ ખેડૂતોને બરબાદ કર્યા. ઠંડીમાં પાકેલો પાકને નુકસાની સહન કરવી પડી. ત્યારે ફરી એકવાર આવી રહેલું માવઠું ખેડૂતોને રાત પાણીએ રડાવશે.

અંબાલાલ પટેલે માવઠાની આગાહી કરતા જણાવ્યું કે, તારીખ ૨૨-૨૬ ફેબ્રુઆરી દરમિયાન માવઠાની શક્યતા છે. રાજસ્થાનના દક્ષિણ ભાગ અને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ ગુજરાતના ભાગોમાં હળવો વરસાદ થશે. ૨૬ એપ્રિલથી ૪૫ ડિગ્રી ઉપર તાપમાન રહેવાની શક્યતા છે. તો ગરમ પવનો વધવાની પણ શક્યતા છે.

પરંતુ જો તમે વિચારતા હશો કે, હવે ઉનાળો સારો જાય તો સારું, તો તમે ખોટા છે. કારણ કે આ વર્ષે ઉનાળો આકરો બની રહેવાની શક્યતા છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આ કડકડતી ઠંડી બાદ હવે ઉનાળાની આગાહી કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી કે, ૨૦૨૩ નો ઉનાળો આકરો બની રહેશે. તેની શરૂઆત ફેબ્રુઆરી મહિનાથી જ થઈ જશે. ૧૩ ફેબ્રુઆરીથી જ વાતાવરણમાં ગરમી વધવાની શરૂઆત થઈ જશે. આ દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ૧૯-૨૦ ફેબ્રુઆરીથી ગરમી વધવા લાગશે. મહત્તમ તાપમાન એ સમયે ૩૭ ડિગ્રી રહેવાની શક્યતા છે.

મુખ્યમંત્રી ધોરડોમાં આયોજિત જી-૨૦ની ટુરિઝમ વર્કીંગ ગ્રુપની પ્રથમ બેઠકમાં સહભાગી થશે

ગાંધીનગર, તા.૬

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ મંગળવાર, તા.૭ ફેબ્રુઆરી અને બુધવાર તા.૮ ફેબ્રુઆરીએ કચ્છના ધોરડો-સફેદ રણ ખાતે યોજાનારી જી૨૦ની પ્રથમ ટુરિઝમ વર્કીંગ ગ્રુપની બેઠકમાં સહભાગી થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમના આ પૂર્વ નિર્ધારીત રોકાણોના કારણે તા.૭ ફેબ્રુઆરી, મંગળવાર અને તા.૮મીને બુધવારે સાંસદો, ધારાસભ્યો, પદાધિકારીઓ કે પ્રજાવર્ગો-નાગરિકોને મળી શકશે નહી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતના યજમાન પદે યોજાઇ રહેલી જી-૨૦ની બેઠકો પૈકી ૧૫ બેઠકો ગુજરાતમાં યોજાવાની છે. આ પૈકી ટુરિઝમ વર્કીંગ ગ્રુપની પ્રથમ બેઠક તા. ૭ થી ૯ ફેબ્રુઆરી દરમ્યાન કચ્છમાં ધોરડો ખાતે આયોજિત કરવામાં આવેલી છે. આ વર્કીંગ ગ્રુપની પ્રથમ બેઠકમાં ભારત સરકારના પ્રવાસન મંત્રી કિશન રેડ્ડી, મંત્રી પરસોત્તમ રૂપાલા તેમજ જી-૨૦ ના સહભાગી દેશોના પ્રતિનિધિઓ જોડાશે

જંત્રી મામલે બિલ્ડર પ્રતિનિધિ મંડળની મુખ્યમંત્રી સાથે બેઠક

મુખ્યમંત્રી સકારાત્મક હોવાનો બિલ્ડરોનો દાવો

અમદાવાદ, તા.૬

જંત્રી વધારા બાદ રાજ્યના ડેવલપર પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીને મળ્યું હતું. મુખ્યમંત્રી સાથે બિલ્ડરોએ બેઠક યોજી હતી. જે બાદ બિલ્ડર્સનું કહેવું છે કે, મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી સકારાત્મક હોવાનો બિલ્ડરોનો દાવો છે. અમદાવાદ ક્રેડાઈ સહિત ૪૦ સીટી ચેપટરના પ્રતિનિધિઓએ મુલાકાત કરી હતી. જંત્રી ૧ મેથી લાગુ કરવા ડેવલપરની માંગ છે. જંત્રીમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા માંગ છે. એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરને અસર ના થાય એ રીતે જંત્રી લાગુ કરવા રજૂઆત કરી છે. આ બેઠકમાં મુખ્યમંત્રી ઉપરાંત મુખ્ય સચિવ અને મહેસુલ સચિવ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. બીજી તરફ આજથી જંત્રીના નવા ભાવ પણ એડહોક પ્રમાણે લાગુ કરાયા છે.

બ્રાહ્મણો અને પંડીતો અંગે નિવેદન સંદર્ભે બ્રહ્મ સમાજ લાલઘુમ

ગાંધીનગર, તા.૬

ગઈકાલના રોજ મુંબઈ એક સભામાં સંઘ સંચાલક મોહનજી ભાગવત દ્વારા બ્રાહ્મણો વિરુદ્ધ પંડિતોનું અપમાન કરતું નિવેદન પાસ કરવામાં આવ્યું છે જેની પ્રતિક્રિયા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા આજરોજ આપી ચૂક્યું છે. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષાના અધ્યક્ષ ભરતભાઈ રાવલ દ્વારા પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે ૨૦૨૪ ના ઈલેક્શન ને ધ્યાને રાખી સંઘ સંચાલક દ્વારા વાણીવિલાસ આદરવામાં આવ્યો છે. જેને અમે સખત શબ્દોમાં વખોડી નાખીએ છીએ. અને આવા નિવેદનોને પાણી ઉપર લખેલ વાક્ય સમાન ગણાવેલ છે. મહામંત્રી અમિતભાઈ દવે દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૨૦૨૪ સુધી આવા નિવેદનો રાજકીય પક્ષો દ્વારા અને રાજકીય હિત ધરાવતા ઈસમો દ્વારા આવતા રહેશે ત્યારે બ્રહ્મ યુવાનોએ સાલસતા દાખવી શાંતિ ના માર્ગે ચાલી સમાજને સમૃદ્ધિ તરફ લઈ જવા પ્રયાસ કરવો જોઈએ. મુખ્ય સંગઠક ડૉ અશ્વિન ત્રિવેદી દ્વારા ઉપરોક્ત નિવેદનને સખત શબ્દોમાં વખોડી નાખવામાં આવ્યું છે અને તેઓએ જણાવ્યું છે કે આવા સમાજમાં વિખવાદ ઉત્પન્ન કરતાં નિવેદનો ને સરકારશ્રી દ્વારા નિયંત્રિત કરવા જોઈએ. યુવા અધ્યક્ષ માલવપંડિત દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ગીતામાં જણાવ્યું છે કે વર્ણ પ્રથા મારા દ્વારા ઉત્પન્ન કરવામાં આવી છે. તો આવા નિવેદનો આપી પંડિતોને વિવાદમાં ઘસેડવા ન જોઈએ તેવું જણાવ્યું છે અને બ્રહ્મ યુવાનોને શાંતિ રાખવા અપીલ કરવામાં આવેલ છે. મહિલા વિભાગ દ્વારા નિવેદનને સખત શબ્દોમાં વખોડી નાખવામાં આવેલ છે. અને આવડી મોટી સંસ્થાના સંચાલક દ્વારા આવું છીછરાપણું ભારતની સામાજિક વ્યવસ્થાને, સોહાર્દપૂર્ણ વાતાવરણને અનુકૂળ નહીં આવે તેવી ચેતવણી પણ દર્શાવી છે.

સીએનજીમાં કમિશન વધારવાની માગ

દક્ષિણ ગુજરાતમાં ૪૦૦થી વધુ સીએનજી પંપની પ્રતિક હડતાલ

સુરતમાં સીએનજીપંપ ધારકોએ ૨૪ કલાક પ્રતિક હડતાળ પર ઉતરતા વાહનચાલકોને મુશ્કેલી વધી

સુરત, તા.૬

આજે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સીએનજીવેચાણમાં કમિશનના વધારાની માંગને લઈ એસોસિએશન પ્રતિક હડતાળ કરવામાં આવી હતી. સોમવારથી શરુ થયેલી આ સીએનજીપંપોના માલિકોની હડતાળ મંગળવારે સવારે ૭ વાગ્યા સુધી શરુ રહેશે. ગઈકાલે એસોસિએશન દ્વારા એવી પણ ચમકીઓ મળી હતી કે આ હડતાળમાં આજે દક્ષિણ ગુજરાતમાં ૪૦૦ જેટલા સીએનજી પંપના માલિકો જોડાશે. ઘણા સમયથી સીએનજીપંપ ધારકો કમિશનમાં વધારાને લઈ વાત વાત કરતા હતા પરંતુ સીએનજીપંપ ધારકોના કમિશન વધારો ન થતા તેમણે આજે પ્રતિક હડતાળનું સાધન હાથ ધર્યું છે. મળતી જાણકારી અનુસાર આ હળતાળમાં સુરતના ૧૬૦

સીએનજી પંપ હડતાળમાં જોડાયા છે. સુરતમાં સીએનજીપંપ ધારકોએ ૨૪ કલાક પ્રતિક હડતાળ પર ઉતરતા વાહન ચાલકોને મુશ્કેલી વધી છે. આજે સીએનજીપંપ બંધ રહેતા લાખો વાહનોને સીધી અસર થશે. પ્રતિક હડતાળ બાદ પણ કમિશન ન વધવા પર અચોક્કસ મુદતની હડતાળની ચીમકીની પણ વાત મળી રહી છે.

વહેલામાં વહેલી તકે જુ.ક્લાર્કની પરીક્ષા લેવાશે

સરકારની પ્રાથમિકતા આવી ઘટનામાં ભવિષ્યમાં ન બને તે માટેની તૈયારીઓ કરી રહ્યા છે : હસમુખ પટેલ

ગાંધીનગર, તા.૬

સરકાર દ્વારા પંચાયત સેવા પસંદગી મંડળના નવા ઈન્ચાર્જ અધ્યક્ષ તરીકે IPS હસમુખ પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે તેમણે આજે મીડિયા સાથે પણ વાતચીત કરી હતી. જેમાં જુનિયર ક્લાર્કની પરીક્ષાનું પેપર ફૂટવાની ઘટનાને તેમણે કમનસીબ ગણાવી હતી. જોકે, તેમણે સ્વચ્છ અને વહેલી તકે પરીક્ષા લેવાય તેવું પણ જણાવ્યુ છે. IPS હસમુખ પટેલે મીડિયા સાથેની વાચચીતમાં જણાવ્યુ કે, રાજ્ય સરકારની પ્રાથમિકતા હવે આવી ઘટનામાં ભવિષ્યમાં ન બને તે માટેની તમામ તૈયારીઓ અમે કરી રહ્યા છે. આપણે બંને પ્રકારની કાળજી રાખવાની છે કે, પેપર લીક ન થાય અને પરીક્ષા કેન્દ્રો પર ગડબડી ન થાય તે માટેની કાળજી રાખવાની છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, બોર્ડની પરીક્ષા બાદ એપ્રિલ મહિનામાં અમારી પરીક્ષા લેવાની તૈયારી છે. પરંતુ હજી આ ચોક્કસ નથી. કારણ કે અમારે સ્વચ્છ પરીક્ષા લેવાની તૈયારી કરવાની છે. વહેલામાં વહેલી તકે પરીક્ષા લેવામાં આવશે. આપને જણાવીએ કે, આઈપીએસ હસમુખ પટેલ અનેક બોર્ડના ચેરમેન છે. તાજેતરની LRDની પરીક્ષા તેમના નેતૃત્વમાં લેવામાં આવી હતી. તેમણે જે ફોર્મેટ તૈયાર કર્યુ હતુ. જેને કારણે પરીક્ષા સરળતાથી પૂર્ણ થઈ હતી. આ પહેલા પણ સરકાર દ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે, ૧૦૦ દિવસમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવાવાની છે. આ સાથે પરીક્ષાના પેપર લીકની ઘટનાઓ રોકવા આગામી સમયમાં કાયદો પણ બનવાનો છે. બજેટ સત્રમાં આ કાયદા અંગે કોઈ નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

નીમ કોટેડ યુરિયાની ૨૫૦ બેગ સાથે ટ્રક ડ્રાયવર ઝડપાયો

સુરત, તા.૬

કડોદરા ચાર રસ્તા પર પસાર થતી ટ્રકની તપાસ કરતા ખાતેથી સબસિડીયુક્ત નીમ કોટેડ યુરિયાની ૫૦ કિલો વજનની કુલ ૨૫૦ નંગની બેગો સાથે ટ્રક ડ્રાઈવરને ઝડપી પાડીને ૭૪ હજારની સબસિડીયુક્ત યુરિયા બેગ તથા અંદાજે રૂા.૧૦ લાખની કિંમતની ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

રાજ્ય વેરા નિરીક્ષકની ટીમે સુરતના કડોદરા ચાર રસ્તા ખાતે વોચમાં હતી તે વખતે અમદાવાદથી મુંબઈ જતી ટ્રકને ચેક કરતા યુરિયા ભરેલી ટ્રક ઝડપાઈ હતી. જેની જાણ નાયબ ખેતી નિયામકને કરતા પલસાણા તાલુકાના ખેતી અધિકારીએ ટીમ સાથે સ્થળ તપાસ કરી હતી. તપાસમાં સફેદ બોરીઓમાં શંકાસ્પદ યુરિયા હોવાનું માલુમ પડતા આ શંકાસ્પદ જથ્થાને બારડોલી ખાતેની પ્રયોગશાળામાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યું હતું. જેમાં યુરિયા હોવાનું માલુમ પડયું હતું. વધુ તપાસ કરતા આ જથ્થો આણંદ જિલ્લાના બેડવા ખાતેના ગોડાઉનમાંથી આવ્યો હોવાનું અને આ ગોડાઉનનું રાજુભાઈ વહોરા તથા સાહિલ ઉર્ફે મોન્ટ ફારૂકભાઈ વ્હોરા નામના વ્યકિતઓ સંપુર્ણ સંચાલન કરતા હોવાની વિગતો જાણવા મળી છે.

તેમના દ્વારા જુદી જુદી સહકારી મંડળીઓના સંચાલકો પાસેથી ખાતરનો જથ્થો લાવીને સફેદ થેલીઓમાં ભરી જે તે જગ્યાએ મોકલવામાં આવતો હતો.

ટોરની અડફેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી તરફ મૃતકના સગા પણ દોડી આવ્યા હતા. રખડતા પશુના માલિકને હાજર નહિ કરાય ત્યાં સુધી લાશને ઉપાડવાનો ઈન્કાર કર્યો હતો. પ્રજાનો આક્રોશ જોઈ દહેગામના સીની. પી.આઈ. બી. બી. ગોયલ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે પશુમાલિકને ઝડપી લેવાની ખાતરી આપતાં મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે લઈ જવા સગાઓ તૈયાર થયા હોવાનું જાણવા મળેલ છે.

રખડતા પશુઓની ફરિયાદો સતત વધી રહી છે અને તેમની રંજાડને કારણે નિર્દોષ લોકોના મોત નીપજી રહ્યા છે અને ઈજાગ્રસ્ત પણ થઈ રહ્યા છે. આજની આ ઘટનાએ દહેગામ શહેરમાં ભારે ચકચાર જગાવવા સાથે શોકની લાગણી પણ પ્રસરી જવા પામી હતી.

યોજના તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવામાં આવશે. જેમાં દરેક ઓ.પી.ડી. માટે અલગ કલર હશે એટલુ જ નહિ આ દરેક ઓ.પી.ડી.ના કલર પ્રમાણે તેના વોર્ડને પણ તેજ કલરથી રંગી દેવામાં આવશે જેથી દર્દીને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ના કરવો પડે.

સિવિલ હોસ્પિટલમાં ખાસ પ્રકારના સાઈન બોર્ડ મુકવામાં આવનાર છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં હાલ મુકાયેલ હેલ્પ ડેસ્કનું પણ કોમ્પ્યુટરાઈઝેશન કરાશે તેમજ દરેક વોર્ડમાં ડૉક્ટરના નામ પણ લગાવવામાં આવશે.

ઈન્ડોર દર્દીને ખાસ રીષ્ટ બેલ્ટ લગાવવામાં આવશે. જેમાં દર્દીની તમામ હકીકતો આવી જશે. આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કઈ ઓ.પી.ડી.માં આજે કયા ડૉક્ટર ઉપલબ્ધ છે તે પણ સ્ક્રીન પર જોવા મળી શકશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી રિફર કરાયેલ દર્દી માટે પણ રેફરલ સર્વિસીઝનું પણ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય વિભાગ, સિવિલ સત્તાવાળાઓ તેમજ પી.આઈ.પી.યુ. સાથે સંયુક્ત બેઠક થઈ ગઈ છે અને પી.આઈ.પી.યુ.ને કામગીરી ઝડપથી કાર્યાન્વીત કરવા સાથે અમલીકરણમાં વિલંબ ના થાય તે માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોતના આંકડા સામે આવવાની સંભાવના છે. યુનાઇટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વેના જણાવ્યા મુજબ ભૂકંપનું કેન્દ્ર ગાજિયાટેપથી લગભગ ૩૩ કિલોમીટર અને નુર્દગી શહેરથી લગભગ ૨૬ કિલોમીટર દૂર હતું. આ ૧૮ કિલોમીટર ઊંડાણમાં કેન્દ્રિત હતું. ભૂકંપના આંચકા સીરિયા સુધી પણ અનુભવાયા હતા. ભૂકંપના આંચકા એટલા તીવ્ર હતા કે તુર્કી અને સીરિયામાં અનેક ઈમારતોને નુકસાન થયાના અહેવાલ છે. યુનાઇટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે અનુસાર ભૂકંપના કારણે અનેક જાનહાનિ થવાની આશંકા છે. આ દુર્ઘટના પર ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કરતા તુર્કીના નાગરિકોને મદદનું આશ્વાશન આપ્યું છે. સવારે આવેલા જોરદાર ભૂકંપમાં તૂર્કીમાં એક હોસ્પિટલ પત્તાના મહેલની જેમ ધરાશાઈ તઈ ગઈ, જેમાં નવજાત સહિત ઘણા લોકોને બચાવાયા. તુર્કીના એક શહેર અડાનામાં એક વ્યક્તિએ જણાવ્યું કે, તેમના ઘરની પાસે આવેલી બિલ્ડિંગ એક ઝટકામાં ધરાશાઈ થઈ ગઈ.

તુર્કેઈને તુરંત સહાય આપવા વડાપ્રધાન મોદીના નિર્દેશ પર PMના મુખ્ય સચિવ પીકે મિશ્રાએ મહત્વની બેઠક યોજી. બેઠકમાં જણાવાયું કે, શોધખોળ અને રેસ્ક્યૂ અભિયાન માટે NDRF અને મેડિકલ ટીમ તુર્કેઈ મોકલવામાં આવશે. ઉપરાંત તુર્કેઈ માટે રાહત સામગ્રી પણ રવાના કરાશે. એનડીઆરએફની બે ટીમોમાં ૧૦૦ જવાનો હશે, જેમાં ડૉદ સ્ક્વોડ પણ સામેલ છે. ઉપરાંત આ ટીમો જરૂરી ઉપકરણો પણ તેમની સાથે લઈ જશે. મેડિકલ ટીમમાં ડૉક્ટર, અન્ય સ્ટાફ અને જરૂરી દવાઓ હશે.

ત્રીજા સ્થાને

● અનુસંધાન પહેલાનું ચાલુ

થયો છે. અદાણી જૂથ પર સ્ટોક હેરાફેરીના ગંભીર આરોપો થયા છે અને તેની વેલ્યૂ ૧૧૨ અબજ ડોલર સુધી ઘટી ગઈ છે. આ કારણથી એમએસસીઆઈઈમર્જિંગ માર્કેટ્સ ઈન્ડેક્સમાં તાઈવાન ફાવી ગયું છે અને ભારત પાછળ રહી ગયું છે. જ્યારે ચીન આ લિસ્ટમાં પહેલેથી ઉપરના ક્રમે છે. ઓગસ્ટ મહિનામાં જ તાઈવાનને પાછળ રાખીને ભારત બીજા ક્રમે આવી ગયું હતું. ચાલુ વર્ષમાં એમએસસીઆઈઈન્ડિયા ઈન્ડેક્સના વેઈટેડમાં ૪.૨ ટકાનો ઘટાડો થયો છે. ચીનનું અર્થતંત્ર ખુલવાની આશાની સાથે ઉત્તર એશિયાના બજારોમાં તાઈવાનનું વેઈટેજ ૧૧ ટકા વધી ગયું છે.

અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સથી બહાર થશે

નવી નોકરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિતરણ કેન્દ્રો વચ્ચે ભારતમાં ૫૦,૦૦૦ થી વધુ કર્મચારીઓને રોજગારી આપે છે. પીડબલ્યુસી યુએસના પ્રમુખના જણાવ્યા અનુસાર, પીડબલ્યુસી ઈન્ડિયાઅને પીડબલ્યુસી યુએસવચ્ચેનો ઉન્નત સહયોગ વૈશ્વિક ટેલેન્ટ ફૂટપ્રિન્ટના વિકાસને વધુ વેગ આપશે. તે લોકો માટે ઘણી ટેકનિકલ કૌશલ્યો વિકસાવવાની તકો પણ ઊભી કરવામાં આવશે.

નાસાએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સેટેલાઈટ ફક્ત કોઈ શહેર ધસવાની ઘટના જ નહીં પણ આખી દુનિયા પર નજર રાખશે. તે વાવાઝોડા, આંધી, જ્વાળામુખી, ભૂકંપ, ગ્લેશિયર પીગળવા, સમુદ્રી તોફાન, જંગલની આગ, સમુદ્રના જળસ્તરમાં વધારા સહિત અને આપત્તિઓ અંગે એલર્ટ મોકલશે. નિસાર સ્પેસમાં પૃથ્વીની ચારેકોર જમા થતા કચરા અને પૃથ્વી પર અંતરિક્ષથી આવતા ખતરા વિશે પણ માહિતી મોકલશે.